કાર્યપાલક ઈજનેર
પૂર્વ (વરાછા) ઝોન–એ
સૈફી સોસા.પાસે, પંચવટી વાડીની સામે
લંબેહનુમાન રોડ, સુરત.

# સુરત મહાનગરપાલિકા

ફેક્ષ : (૦૨૬૧) ૨૫૪૩૬૪૦
ફોન : (ઓફીસ) ૨૫૫૧૩૬૩, ૨૫૪૭૭૫૦
એક્ષ. નં. ૨૦૩
ઈ–મેઈલ : exen.ez.south@suratmunicipal.org

ઈ.ઝેડ/ સંમતિ પત્ર/ નં. ૯૪૭
તા. ૦૪/૦૪/૨૫

**–: સંમતિ પત્ર:–**

**પ્રતિ,**

વિષય :– પૂર્વ(વરાછા)ઝોન–એ વિસ્તારમાં સુ.મ.પા સંચાલિત આઈ.સી.ડી.એસ ઘટક–૧ હેઠળ ની આંગણવાડી (૧) ભરવાડ ફળિયા કાપોદ્રા તથા (૨) રામકિષ્ના કોલોની કાપોદ્રા ખાતે આવેલ આંગણવાડીમાં જરૂરી રીપેરીગ તથા રીનોવેશન કરવાનુ કામ

સંદર્ભ :– (૧) સ્થા.સ.ઠ.નં.૧૪૭૬/૨૦૨૪, તા.૨૧/૦૯/૨૦૨૪
(૨) મે.ડે.કમિશ્નરશ્રી (ડે.)ની તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજની મંજુરી

મહાશય,

પૂર્વ(વરાછા)ઝોન–એ વિસ્તારમાં સુ.મ.પા સંચાલિત આઈ.સી.ડી.એસ ઘટક–૧ હેઠળ ની આંગણવાડી (૧) ભરવાડ ફળિયા કાપોદ્રા તથા (૨) રામકિષ્ના કોલોની કાપોદ્રા ખાતે આવેલ આંગણવાડીમાં જરૂરી રીપેરીગ તથા રીનોવેશન કરવાનુ કામ સ્થા.સ.ઠ.નં.૧૪૭૬/૨૦૨૪, તા.૨૧/૦૯/૨૦૨૪ થી મંજુર થયેલ ટેન્ડરના ભાવો અને શરતો( અંદાજીત રકમથી ૩૫.૦૦% નીચા ભાવો ) ને આધિન અંદાજીત ખર્ચ રકમ રૂા. ૪,૦૦,૦૦૦.૦૦ પૈ. ( પ્રવર્તમાન જી.એસ.ટી.સહિત ) ની ખર્ચ મર્યાદામાં કામગીરી કરવા જો આપ રસ ધરાવતા હોય, તો આપના લેટરપેડ પર લેખિત સંમતિ, બાનાની રકમ રૂા.૪,૦૦૦/– કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામના સુરત ખાતેની રાષ્ટ્રીયકૃત/ શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ તેમજ નીચે જણાવેલ કવોલીફિકેશન ડોકયુમેન્ટ સહિત **તા. ૧૫/૦૪/૨૦૨૫ સુધીમાં** નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. નિયત સમયમર્યાદા બાદનુ સંમતિપત્રક ધ્યાને લેવામાં આવશે નહી જેની સ્પષ્ટ નોંધ લેશો.

**–: શરતો તથા કવોલીફિકેશન ડોકયુમેન્ટની વિગત :–**

❖ **શરતો**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૪,૦૦૦/–ની આપવાની રહેશે.
૨. ઈજારદારને ઉકત જણાવેલ ટેન્ડરના શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને શરતો બંધનકર્તા રહેશે તેમજ ટેન્ડરના Detail Technical Specification મુજબ કામગીરી કરવાની રહેશે.
૩. ઈજારદાર સંમતિ સાથે ઈ.એમ.ડી તથા નીચે જણાવેલ કવોલીફિકેશન ડોકયુમેન્ટ રજુ કરશે નહી તો સંમતિ રદબાતલ કરવામાં આવશે.
૪.કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.
૫. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવવાના રહેશે.

૬. તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૭. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

❖ **કવોલીફિકેશન ડોકયુમેન્ટ**

૧. ઈ–૨ વર્ગ ના રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણિત નકલ
૨. એસી (૮૦) હજાર કે તેથી વધુના સોલવન્સી સર્ટીફીકેટની પ્રમાણિત નકલ
૩. જી.એસ.ટી રજીસ્ટ્રેશન તથા પાનકાર્ડની પ્રમાણિત નકલ
૪.ચાર્ટડ એકાઉન્ટન્ટ ધ્વારા સર્ટીફાઈડ કરેલ ટર્નઓવરની પ્રમાણિત નકલ
૫. બિલ્ડીગ તથા બિલ્ડીગ મેઈન્ટેનન્સના પૂર્ણ કરેલ કામના સર્ટીફીકેટ (ફોર્મ–૩ એ )ની પ્રમાણિત નકલ

કાર્યપાલક ઈજનેર
પૂર્વ (વરાછા) ઝોન–એ.
સુરત મહાનગરપાલિકા